# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૫–૦૨– ૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ધ્વારા રેલવે બજેટ ૨૦૧૧–૧૨ને મિશ્ર પ્રતિભાવ

સુરતઃ કેન્દ્રના રેલવેમંત્રી સુ.શ્રી.મમતા બેનરજીએ આજે લોકસભામાં રજૂ કરેલા વર્ષ ૨૦૧૧–૧૨ માટેના રેલવે બજેટમાં ગુજરાતને કોઈ મોટી રાહત મળી ન હોવા છતાં સુરત અને દક્ષિણ ગુજરાતને જે વધારાની સુવિધાઓની જાહેરાત થઈ છે એ અંગે મિશ્ર પ્રતિભાવ આપતાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ કહયું હતું કે,સુરત–હજીરા ટ્રેકને ડબલ કરવાથી હજીરાપટટીનો વિકાસ વેગવંતો બનશે. એરીતે અઠવાડિયામાં ત્રણ દિવસ ચાલતી પોરબંદર–હાવરા એકસપ્રેસ ટ્રેનને દૈનિક કરી છે,અમદાવાદ–પૂના વચ્ચે નવી ટ્રેન શરૂ થશે,સુરત–ભાવનગર ટ્રેનને મહુવા સુધી લંબાવવાની જાહેરાત પણ આવકારદાયક છે.એ રીતે જ અમદાવાદ–મુંબઈ વચ્ચે ડબલ ડેકર એસી ટ્રેનનો લાભ પણ સુરતને મળશે.તેમણે કહયું હતું કે,આ બજેટમાં સીનિયર સીટીઝન્સ માટેની વયમર્યાદા ૬૦ વર્ષથી ઘટાડીને ૫૮ વર્ષની કરવામાં આવી છે તેમજ એસી ઓનલાઈન બુકિંગનો ચાર્જ રૂ.૨૦થી ઘટાડીને રૂ.૧૦ કરવાનો અને નોન એસી ઓનલાઈન બુકિંગ ચાર્જ રૂ.૧૦થી ઘટાડીને રૂ.૫ કરવાનો નિર્ણય પણ આવકારદાયક છે.રેલવેએ રૂ.૧૦,૦૦૦ કરોડનું ભંડોળ ઉભુ કરવા ટેક્ષ ફ્રી બોન્ડ બહાર પાડવાની જે જાહેરાત કરી છે તે ફાયદાકારક જણાય છે. રેલવે ભાડામાં કોઈપણ જાતના વધારા વિનાનું બજેટ આવકારદાયક છે પરંતું દક્ષિણ ગુજરાતની રેલવે સુવિધાઓ અંગેની જે લાંબા સમયની માગણીઓ છે તે સંતોષઈ નથી એટલે એકંદરે આ બજેટ મિશ્ર લાગણી જન્માવનારૂ બની રહેશે.